સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

ગુજ્જુ મનોબળે વાવાઝોડાં આવતાં ડરે છે,
તંત્રની તૈયારી જોઈ, કાંઠેથી પાછાં ફરે છે.
સરે હતાશા એની આંખેથી વરસાદ બની -
સુરક્ષા કાજે તંત્ર કડક પગલાં ભરે છે!
(વાવાઝોડાંને 'ગુજકોક'નો ડર લાગ્યો ?)

હાઈકુ

ગાંધીગીરીથી
સમુદ્રમાં શમન -
ઉશ્કેરાટનું...

મક્કમ પણે
જો થાય સામનો તો -
હારે છે શત્રુ...

ચિંતન

મા નો હૈતિર્વિવસ્ત આદિત્યાઃ કૃત્રિમા શરુઃ ।
પુરાનું જરસો વધીત્ ॥

ઉપરોક્ત શ્લોક ઋગ્વેદમાંથી લેવામાં આવેલ છે.

આપણું જીવન એવું હોવું જોઈએ કે આપણે પૂર્ણ આયુષ્ય ભોગવીએ. આપણું અકાળ મૃત્યુ ન થાય એ માટે આપણે સંયમપૂર્વક જીવન વતાવીએ.

શરીર અને મન પોતપોતાના ખોરાક દ્વારા શક્તિઓનું સર્જન કરતાં રહે છે, તેના લીધે આપણો સામર્થ્યનો ભંડાર જળવાઈ રહે છે. આ શક્તિને અપવ્યયથી બચાવીએ રચનાત્મક દિશામાં વાપરી શકાય તો કોઈ પણ ક્ષેત્રમાં ઈચ્છિત પ્રગતિ કરી શકાય છે. સંયમનો અર્થ છે શક્તિના અપવ્યયને રોકવો. આ અપવ્યય મોટાભાગે ઈન્દ્રિયો દ્વારા જ થાય છે. આ બધામાં મુખ્ય છે જીભ અને જનનેન્દ્રિય.

વાહન ચલાવવામાં, ખાન-પાનમાં, નિયમિતતા, વાણી-વર્તન-વિવેકમાં, વાસના-ભોગ ભોગવવામાં જો સંયમપૂર્વક રહીએ તો અકાળમૃત્યુ થતું નથી.

સુવિચાર

- પોતાના જીવનકાર્ય વિશે અતૂટ શ્રદ્ધાવાળા થોડાક મરણિયાઓએ ઈતિહાસનાં વહેણ બદલી નાખ્યાના ચમત્કાર જગતમાં બન્યા છે - **ગાંધીજી**
- રાષ્ટ્રના નવયુવાનોનાં માનસમાં ક્રાંતિ કરે, એવી કેળવણી હોવી જોઈએ - **સરદાર પટેલ**
- જે જશના ભૂખ્યા ના હોય, તેમના ઉપર દેવલોકો રાજી થાય તેમ છે, આખુ જગત આપણી પણ રાજી થાય તેમ છે, પણ આપણી ભૂખ ને લીધે રાજી નથી - **આમસૂત્ર**
- સંસારી પ્રેમ નામેય ન હોય, એનું નામ 'પરમાર્થ પ્રેમ' - **એસ. ભટ્ટાચાર્ય**
- વાચાળતા રુપું છે, મૌન સુવર્ણ છે, વાચાળતા મનુષ્યોચિત્ત છે, મૌન દેવને યોગ્ય છે - **બોધિવૃક્ષ**
- પાઈનના વૃક્ષ પાસેથી પાઈન બનતાં શીખો અને વાંસ પાસેથી વાંસ બનતાં શીખો - **ઓશો**
- આજનું ઔષધ : કાચા સલાડમાં શિમલા મરચા સવાર-સાંજ ખાવાથી આર્થરાઈટીસમાં ફાયદો થાય છે

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

એક હાથીએ નદીમાં સ્નાન કર્યું, પછી ચાલતો નીકળ્યો અને એક પુલ પાસે પહોંચ્યો ત્યાં સામે છેડેથી કાદવથી ખરડાયેલું એક ભૂંખ આવી રહ્યું હતું હાથી ઝડપથી એક બાજુ ખસ્યો અને ભૂંડને પસાર થઈ જવા દીધું. આ બાજુ ભૂંડ તો ફુલ્યું સમાતું નહોતું. એ તો જંગલમાં અભિમાનથી બધાને કહેવા લાગ્યું, 'બંદાનો વટ જોયો ?' હાથી જેવા હાથી મારાથી ડરીને રસ્તો આપી દે છે. ભૂંડની વાત અન્ય હાથીઓના કાને પણ આવી એટલે એમણે પેલા હાથીને ડરી જવાનું કારણ પૂછ્યું. પેલા હાથીએ કહ્યું, 'જુઓ, મેં ધાર્યું હોત તો એ ભૂંડને હું મારા પગ હેઠળ આસાનીથી કચડી શક્યો હોત. પરંતુ હું સ્નાન કરી એકદમ ચોખ્ખો હતો અને એ ભૂંડ કાદવથી તરબતર. એને હું કચડી નાખું તો પણ મારો પગ ગંદો થઈ જાય અને એવી ગંદકીથી ખરડાઉં એવું હું જરાય ઈચ્છતો ન હતો. બસ આ જ કારણથી હું રસ્તાની બાજુમાં ખસી ગયો.' સાર એ કે દરેકને જવાબ કે પ્રતિક્રિયા આપવાં જરૂરી નથી. ખરા હોવાની ખાતરી તો નકારાત્મક ટિપ્પણીને મહત્ત્વ આપવું જરૂરી નથી. પછી ભલે ને એવી ટીકા ટિપ્પણીનો જડબાતોડ જવાબ આપી શકવા તમે સક્ષમ હોવ.

હૉટલકિચનમાં ગ્રાહકોનો પ્રવેશ : સેફ કે અનસેફ ?

તંત્રીસ્થાનેથી...

રૅસ્ટોરન્ટની સ્વચ્છતા, સફાઈ, ફૂડમાં સ્વચ્છતાના માપદંડ અને આરોગ્યપ્રદ ખોરાક બાબતે રાજ્યમાં વારંવાર ફરિયાદો ઉઠતી હતી. એમાંય તાજેતરમાં અમદાવાદ જેવા મેગા સિટીમાં બહુ ખ્યાત હૉટલના ફૂડમાં જીવાત નીકળી એ મુદ્દો તો ખાસ્સો એવો ચગ્યો હતો. સરવાળે રૅસ્ટોરન્ટમાં સ્વચ્છતા બાબતે રાજ્યના ફૂડ ઍન્ડ ડ્રગ્સ વિભાગે મોટો નિર્ણય લીધો છે અને રૅસ્ટોરન્ટનું રસોડું ગ્રાહકો ચૅક કરી શકશે એવો નિર્ણય જાહેર કર્યો છે. અને આ નિર્ણયના પ્રત્યાઘાતો પણ પડવા લાગ્યા છે. ગ્રાહકો આ નિર્ણયને આવકારી રહ્યા છે તો રૅસ્ટોરન્ટ માલિકોના મતે આ નિર્ણયથી ઘણીબધી તકલીફો ઊભી થવાની શક્યતા પણ વ્યક્ત થઈ રહી છે. ફૂડ ઍન્ડ ડ્રગ્સ વિભાગે આ અંગે પરિપત્ર કરીને જણાવ્યું છે કે હવે ગ્રાહકો કોઈ પણ હૉટલમાં જમવા જાય તો તેઓ તે હૉટલ કે રૅસ્ટોરન્ટના રસોડામાં પ્રવેશ કરીને સ્વચ્છતા અંગેની તપાસ કરી શકે છે. ઉલ્લેખનીય છે કે અત્યાર સુધી પ્રતિષ્ઠિત રૅસ્ટોરન્ટના રસોડા બહાર 'નો ઍન્ટ્રી'નાં બૉર્ડ જોવા મળતાં હતાં અને રસોડામાં પ્રવેશ ગ્રાહકો માટે પ્રતિબંધિત હતો. પરંતુ હવે એવું નથી રહ્યું. છાશવારે ઉઠતી સ્વચ્છતા અંગેની ફરિયાદોના પગલે ફૂડ ઍન્ડ ડ્રગ્સ વિભાગ સફાળું જાગ્યું છે અને તેણે ગ્રાહકોના હિત માટે મહત્ત્વનો નિર્ણય લઈ લીધો છે. વિભાગે એમ પણ કહ્યું છે કે રૅસ્ટોરન્ટ, હૉટલના રસોડામાં કાચની બારી કે દરવાજો પણ મૂકવો પડશે, જેથી ગ્રાહકો અંદર જોઈ શકે. સામાન્ય નાગરિકો આ નિર્ણયને આવકારી રહ્યા છે અને સ્વાદરસિકોની સલામતી માટે તેને યોગ્ય નિર્ણય જણાવી રહ્યા છે. પરંતુ રૅસ્ટોરન્ટ, હૉટલના માલિકો, સંચાલકો આ નિર્ણયથી ખુશ નથી. તેમના મતે ગ્રાહક રસોડામાં જોઈ શકે એ વ્યવસ્થા સામે વાંધો નથી, પરંતુ ગ્રાહકો રસોડામાં પ્રવેશે એમાં બહુ મોટો વાંધો છે. હૉટલમાં ભીડભાડના સમયે કે જ્યારે વેઈટર્સની કિચનમાંથી ડાઈનિંગ હૉલ તરફ દોડભાગ હોય તેવા સમયે ગ્રાહકો રસોડામાં પ્રવેશવાના પોતાના અધિકારનો ઉપયોગ કરે તો સરવાળે તકલીફ હૉટલ અને ગ્રાહકો એમ બંને પક્ષે આવી શકે છે. કિચનમાં એક કરતાં વધારે ગ્રાહકોની ઉપસ્થિતિ કિચન સ્ટાફના કામને ડિસ્ટર્બ કરી શકે છે અને એમાંય જ્યારે કિચનમાં પ્રવેશેલો ગ્રાહક સ્ટાફની પૂછપરછ શરૂ કરે કે તેની સાથે માથાકૂટમાં ઉતરે ત્યારે તો હૉટલ માટે બહુ મોટી મુસીબત ઊભી થઈ શકે તેમ છે.

આ ઉપરાંત હૉટલમાં ગ્રાહકો પરિવાર સાથે આવતા હોય છે. કોઈ ગ્રાહકની સાથે તેનું નાનું બાળક પણ કિચનમાં પ્રવેશ કરે અને બાળસહજ રમતમાં તેને ઈજા પહોંચે કે તે હૉટલની કોઈ વસ્તુ પાડી બેસે, તોડી બેસે કે ઢોળી બેસે તેવા સંજોગોમાં હૉટલ અને ગ્રાહક બંને માટે કેટલી મોટી મુસીબત સર્જાઈ શકે છે તે તો કલ્પનાનો જ વિષય છે. રૅસ્ટોરન્ટ માલિકો પણ ફૂડ ઍન્ડ ડ્રગ્સ વિભાગના આ નિર્ણયને આવકારી રહ્યા છે, પરંતુ કિચનમાં ગ્રાહકોના પ્રવેશને કારણે તકલીફો ઊભી થશે જ એ વાતને પણ નકારી નથી રહ્યા. હા, જેમ વિભાગે કહ્યું છે તેમ કાચની બારીમાંથી ગ્રાહકો રસોડાને જોઈ શકે એવી વ્યવસ્થા સામે તેમને વાંધો નથી. એ ગ્રાહકોનો હક છે, પરંતુ કોઈના રસોડામાં બહારના વ્યક્તિનો પ્રવેશ સલાહભર્યો નથી જ એવો તેમનો સ્પષ્ટ મત છે.

તુમ અગર ખુલકર રો નહીં સકોગી... તો ખુલકર હસ કૈસે સકોગી...

તુમ અગર ખુલકર રો નહીં સકોગી... તો ખુલકર હસ કૈસે સકોગી...

- ડિયર ઝિંદગી

ઈ.સ. ૨૦૧૬માં ગૌરી શિંદે નિર્દેશિત આ ફિલ્મમાં આલિયા ભટ્ટ અને શાહરૂખ ખાને અભિનય કર્યો હતો. એક મનોચિત્સિકના રુપમાં શાહરૂખખાને પ્રાણ પૂર્યા હતા, તો માતા-પિતાની વ્યસ્ત અને ત્રસ્ત જીવનશૈલીમાં ભૂલાઈ ગયેલી પ્રેમભૂખી દીકરીના મુખ્ય પાત્રમાં આલિયા ભટ્ટે દર્શકોની ખૂબ વાહવાહી લૂંટી હતી.

ડાયલોગથી દેવભાષા
ડો. જય ઓઝા

ગૌરી શિંદેએ જ આ ફિલ્મની વાર્તા અને સંવાદ લખ્યા છે. ફિલ્મમાં આ સંવાદ શાહરૂખખાન બોલે છે. ગૌરી શિંદે આ પહેલાં ૨૦૧૨માં 'ઈંગ્લિશ-વિંગ્લીશ' નામક શ્રીદેવી અભિનિત ઉત્કૃષ્ટ ફિલ્મનું દિગ્દર્શન કરી ચૂક્યા છે અને ગૌરી શિંદે જાણીતા દિગ્દર્શક આર.બાલ્કી (પા, ચીનીકમ, પેડમેન) ના પત્ની છે. જીવનમાં દુઃખોની ભરમારથી આલિયાભટ્ટ જયારે મુક્ત મને રડી પણ નથી શકતી ત્યારે આ સંવાદ ફિલ્મમાં આવે છે.

મહાકવિ ભવભૂતિ રચિત 'ઉત્તર રામચરિત' નાટકના ત્રીજા અંકમાં આવા જ અર્થસામ્યતાવાળો એક શ્લોક મળી આવે છે.

પૂરોત્પીડે તટાકસ્ય પરીવાહઃ પ્રતિક્રિયા।
શોકક્ષોભે ચ હૃદયં પ્રલાપૈરેવ ધાર્યતે ॥ ૩-૨૯

તળાવ જયારે પૂરના આધિક્યથી પુષ્કળ ભરાઈ ગયું હોય ત્યારે, તેનું પાણી બહાર વહેવડાવી દેવું એ જ ઉપાય છે. હૃદય થોકથી ક્ષુબ્ધ થતાં, (કેવળ) ખૂબ રડવાથી જ ધારણ કરી શકાય છે.

'ઉત્તર રામચરિત'માં સીતાનો ત્યાગ કર્યા પછી છેક બાર વર્ષ બાદ શ્રીરામ પંચવટી વિસ્તારમાં આવે છે, અને જયાં ભૂતકાળમાં અહીં જ માતા સીતા સાથે વિતાવેલ સ્થળો અને સમય યાદ કરીને વિહ્વળ બની જાય છે.

મહાન નાટ્યકાર ભવભૂતિએ આ અંકમાં એવી નાટ્યાત્મકતા યોજી છે, કે આ અંકમાં કુલ ચાર પાત્રો મંચ પર છે, રામ સાથે વનદેવતા 'વાસન્તી' અને સીતા સાથે 'તમસા' નદી. સૂર્યપૂજા માટે ફુલો ચૂંટતા માતા સીતા અને તમસાને રામ કે વાસન્તી જોઈ કે સાંભળી શકતા નથી, પરંતુ સીતા અને તમસા તે બંનેને જોઈ સાંભળી શકે છે. રામ જયારે પંચવટીના સ્થળો જોઈને સીતાની યાદમાં ધ્રુસકે ને ધ્રુસકે રડી ઊઠે છે, ત્યારે 'તમસા' નદી ઉપરોક્ત શ્લોક બોલીને સીતાને સાંત્વના આપે છે કે, રામના અશ્રુ વહી જવાથી જ તેમનું દુઃખ હળવું થઈ શકશે...

ભવભૂતિ ૭મી સદીના અંતભાગે અને ૮મી સદીના આરંભે થઈ ગયા હશે. એટલે કે આજથી લગભગ ૧૨૦૦ વર્ષ પહેલા લખાયેલ આ શ્લોકનો ભાવાર્થ ઈ.સ. ૨૦૧૬માં ગૌરી શિંદેને કામ લાગ્યો. સંસ્કૃતભાષા કાલજયી છે.

- jayuoza@gmail.com
Mo.9898046488

રવિવારે સ્નેહમિલન અને સર્જકોની રચનાઓની પ્રસ્તુતિનો કાર્યક્રમ

વૃત્તસંચય

● વિસરાતી ગરવી ગુજરાતી માતૃભાષામાં લોકોનો ઊંડો રસ જળવાઈ રહે અને માતૃભાષાનો વ્યાપ વધે અને તેમાં માતબર ખેડાણ થાય તથા માતૃભાષાના નવોદિત સાહિત્યકાર સર્જકોની અભિવ્યક્તિને પૂરતો અવકાશ મળી રહે અને માતૃભાષા સદાય મહેંકતી અને ધબકતી રહે તે માટે, ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા, દસ માસે યોજાતા કાર્યક્રમો અંતર્ગત, નૂતનવર્ષના આરંભે સૌને અભિનંદન અને શુભકામનાઓ પાઠવવા એક સ્નેહમિલનનો અને સભ્યસર્જકોની પોતાની સ્વરચિત પદ્ય કે ગદ્ય રચનાઓની સ્વમુખે પ્રસ્તુતિનો કાર્યક્રમ તા. ૧૦-૧૧-૨૦૧૯ને રવિવારના રોજ, સાંજના ૫.૦૦ થી ૭.૦૦ દરમિયાન યુથ હોસ્ટેલ, સેકટર-૧૬, ગાંધીનગર ખાતે યોજવામાં આવ્યો છે. આ પ્રસંગે સૌ સર્જકોને પોતાની મૌલિક સ્વરચિત કૃતિઓ સાથે ઉપસ્થિત રહેવા હાર્દિક નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે. નૂતનવર્ષની મંગલમય શરુઆત સૌની પોતાની રચનાથી થાય એવા ઉદ્દાત ભાવ સાથે ગાંધીનગર સાહિત્ય સભા દ્વારા યોજાનાર આ માસિક બેઠકમાં સૌનું સ્નેહસભર સ્વાગત છે.



સાહિત્ય વૃત્ત
મૂળજીભાઈ પરમાર 'દધિ'

● સને ૧૯૮૩ના વર્ષનું સાહિત્ય માટેનું 'નોબેલ પારિતોષિક મેળવનાર નવલથાકાર અને વાર્તાકાર, આફ્રિકન-અમેરિકન સર્જક ટોની મોરીસનનું ૮૮ વર્ષની વયે, ન્યૂયોર્ક ખાતે અવસાન થયું છે. ધ બ્લ્યુએસ્ટ આઈ; ટારબેબી, સુલા, સોન્ગ ઓફ સોલોમન, બીલવેડ અને ગોડ હેલ્પ ધ ચાઈલ્ડ જેવી અગિયાર નવલકથાના સર્જક ટોનીના બે વાર્તાસંગ્રહો પણ પ્રકાશિત થયા છે. બાળ સાહિત્ય ક્ષેત્રે પણ તેમનું નામ જાણીતું છે. તેમને 'પ્રેસિડેન્સિયલ એવોર્ડ (૨૦૦૦)' નોબેલ પ્રાઈઝ (૧૯૯૩), પુલિત્ઝર પ્રાઈઝ ફોર પીકશન (૧૯૯૮) અને સ્ટાર ક્રીટીક્સ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા.'

muljibhaidhadhi@gmail.com
Mo. 9824236893

નૂતન વર્ષને હૈયાના ભાવથી વધાવવાનો સમય

નવા આ વરસના
બાપા, રામ, રામ !
રાત દિ રામને સંભારતા
કરજો ભાવતી લીલાલેર
નવા વરસના... રામ રામ !
ખેતર ખેડી ખાતર પૂરજો
વાલો વરસે અનરાધાર
સાચુકલાં બિયારણ વાવજો
કે ધાન ઉતરે અપરંપાર
નવા વરસના... રામ રામ !
ઊભું વરસ દિવાળીજ રે
જેના રુદિયામાં રામ
હરખ સંતોષ ગાજે સામટો
ખોરડું ને આખું ગામ...
નવા વરસના... રામ રામ !

આપણાં સમર્થ સર્જક મુકુન્દરાય પારાશર્યની આ સુંદર પંક્તિઓ છે. અનંત કાળને આપણે આપણી સૂઝ તથા સગવડ પ્રમાણે નામકરણ કરીએ છીએ. આ નામાભિધાન ક્યારેક ઋતુઓના નામથી હોય છે તો ક્યારેક તહેવારો કે પ્રસંગો પરથી પણ હોય છે. કાળને તેથી ક્યાં કશો ફરક પડે છે ? આપણે સંધ્યા કે સૂર્યાસ્ત માણતા હોઈએ ત્યારે વિશ્વના અન્ય કોઈ ખૂણાના આપણા ભાંડુઓ ઉગતા સૂર્યને વધાવતા હોય છે. આથી કવિ કહે છે કે આ અસિમિત કાળનો જે ભાગ આપણાં હિસ્સામાં આવ્યો છે ત્યાં રામને સંભારીને કર્તા ભાવ સિવાય ભાગમાં આવ્યું છે તે કર્મ ભાવથી કરતા રહીએ તો જીવનમાં આનંદ કે સંતોષની શોધ કરવા બહાર ભટકવું પડે નહિ. આ ભાવ પ્રગટ થાય તો અંતરમાં અજવાળું પ્રગટ થયેલુંજ સમજવું. કર્મનો મહીમા ગીતાકારે ગાયો છે. જીવનની છેલ્લી સંધ્યાએ મહાત્મા ગાંધી કલકત્તા અને નોઆખલીમાં હતા. સ્વતંત્રતાનું સ્વાગત કરવા માટે દિલ્હીમાં ચાલતી ઉજવણીઓ કરતા તેમને આ દુઃખી ભાંડુઓના આંસુ લૂછવાનું કામ વિશેષ જરૂરી લાગ્યું હતું. બાપુને પણ કર્તાભાવનો વળગાડ ન હતો. નવા સ્વતંત્ર થયેલા રાષ્ટ્રમાં બનતી કેટલીક ઘટનાઓ તેમને પસંદ ન હતી. પરંતુ જે સ્થિતિ છે તેનો સ્વીકાર કરીને સમાજમાં થતું ઘર્ષણ કે વિસંવાદ ટાળવા તેઓ અનાસક્તિ તથા પૂર્ણ નિષ્ઠાથી ઝઝૂમતા હતા. જગતને જીવતી જાગતી આ મહામાનવમૂર્તિમાં સમાજ જીવન કે જાહેર જીવનની અનેક સમસ્યાઓનો ઉકેલ દેખાતો હતો.

કિસાન પુત્રનો ખેતર ખેડવાનો પુરુષાર્થ હશે અને સાચા બિયારણની વાવણી કરી હશે તો ધન ધાન્યની મણા રહેશે નહિ. આપણી નિષ્ઠા અને મહેનતનો પ્રતિસાદ આપવામાં પરમ તત્વની કદી ચૂક થતી નથી. આપણું કામ તો ખરા દિલથી અને પરિશ્રમથી બીજ રોપવાનું છે. એકવાર બીજ રોપાયા પછી તો કુદરતના સઘળા તત્વો પોતપોતાની ફરજ નિભાવશે તેવો સાંઈ મકરંદનો સધિયારો છે.

વેર્યા છે બીજ અમે છૂટ્ટે હાથે
હવે વાદળ જાણેને વસુંધરા !

કવિ બીજી એક મહત્વની વાત ઉપરના કાવ્યમાં કરે છે. તે વાત ધ્યાન દઈને સાંભળવા જેવી છે. સાચુકલાં બીજ રોપવાની વાત ક્રાંતદ્રષ્ટા કવિ કરે છે. "જેવું વાવો તેવું લણો" વાળું આપણું અનુભવનું ડહાપણ ભૂલવા જેવું નથી. બીજ સાચું હોય તોજ તેનું ફળ કલ્યાણકારી બને. નહિતર કદાચ ધાન અપરંપાર ઉતરે તેવું બને પરંતુ સંતોષની સાચુકલી સમૃધ્ધિ તો દૂરજ રહે. વ્યક્તિગત તો ઠીક પરંતુ સામુહિક કાર્યમાં પણ સાચા બીજ રોપવાની ગાંધીજી માત્ર વાત કરીને અટક્યા નથી. તે બાબતને પ્રયોગથી પ્રમાણભૂત પણ કરી છે.

ક્ષણના ચણીબોર
વી. એસ. ગઢવી

મુકુન્દરાય પારાશર્યનો ઉલ્લેખ કરીએ ત્યારે તેમણે લખેલી સત્યકથાઓનો ઉલ્લેખ થવો સ્વાભાવિક છે. 'સત્યકથા' એવું અર્થસભર નામ બચુભાઈ રાવતે નક્કી કર્યું અને મુકુન્દરાય પાસે આગ્રહપૂર્વક આ વાતો લખાવીને બચુભાઈએ આપણાં પર ઋણ ચઢાવ્યું છે. સત્યકથાઓ છપાવવા માટે પૂજ્ય મોટાનો આગ્રહ અને મજબૂત ટેકો એક સંતની આધ્યાત્મિક તથા વૈચારિક ભૂમિકાની ઊંચાઈનું દર્શન કરાવે છે. મુકુન્દભાઈના કથન પ્રમાણે આ વાતો તેમણે પોતાના મોટીબા પાસેથી સાંભળીને ટપકાવેલી છે. કુટુંબના વડીલો તથા કિશોરો અને તરૂણો વચ્ચેનો જાગૃત સંવાદ એ આપણી એક અર્થસભર તથા વણલીખી પરંપરા હતી. અનેક વ્યક્તિઓને આવા અમીઘૂંટનું પાન કરવાનું સદભાગ્ય સાંપડ્યું છે. કંઠોપકંઠ કહેવાતી આ વાતોએ સમાજની સભ્યતા તથા સ્વસ્થતાને સાચવી રાખવામાં કે તેને સંકોરવામાં મૂંગી છતાં અસરકારક મદદ કરી છે. આજે આવી પ્રથા અનેક કારણોસર નામશેષ થવાના આરે છે પરંતુ તેથી સાંપ્રત કાળમાં તે પ્રસ્તુત નથી તેમ કહી શકાશે નહિ. આ કથાઓ માટે તેમનો કર્તુત્વનો દાવો સહેજ પણ નથી પરંતુ તેમનો વસ્તુતત્વ તરફનો લગાવ ભાવકોને પણ સહજતાથી ખેંચી જાય તેવો સર્વગ્રાહી છે. સત્યકથાઓનું સત્વ તેમને વિશ્વ સાહીત્યમાં મૂકી શકાય તેવું મજબૂત છે.

સત્યકથાઓના પાત્રો આજના સમયના ઝાકમઝોળ કે બાહ્ય દેખાવના ઠઠારા સિવાય પોતાની જીવનયાત્રા શાંત તથા સ્વસ્થ ચિત્તે કરી શકે છે તે વાત મહત્વની છે. ઉચ્ચ શિક્ષણની પ્રાપ્તિ તેમજ આર્થિક ઉપાર્જનના પ્રયાસો અનિવાર્ય છે. પરંતુ તેની સાથે સાથે જીવન જીવવા માટેની એક સ્વસ્થ તથા સમ્યક દ્રષ્ટિ ન કેળવાય તો સમાજને કેટલીક નવી તેમજ કોઈ કોઈ કિસ્સામાં ભયાવહ સ્થિતિનો સામનો કરવો પડે છે.

નૂતન વર્ષના રામ-રામ કવિ મુકુન્દરાયની કાવ્ય પંક્તિઓ સાથે કરતા સત્યકથાઓના નાના-મોટા સ્વયંપ્રકાશિત પાત્રોનું તેજ આપણાં વ્યક્તિગત તેમજ સામુહિક જીવનમાં પ્રગટે તથા આપણું જીવતર ઉજાળે તેવી પ્રાર્થના નૂતન વર્ષના મંગલ મૂહુર્તે કરવી અસ્થાને નથી.

'નોકરી એટલે દળી દળીને ઢાંકણીમાં'

અમુક અભ્યાસ કરીએ તો જ સેવા થાય છે ભ્રમણા છે - મહાત્મા ગાંધી

શિક્ષણ વિષયક મહાત્મા ગાંધીના વિચારો આજથી સો સવાસો વર્ષ પહેલા પણ વિચાર પ્રેરક હતા. ગાંધીજી એવું સ્પષ્ટ માનતા હતા કે અમુક અભ્યાસ કરીએ તો જ સેવા થાય એ તો બધી ભ્રમણા છે. ગમે તે સ્થિતિમાં રહેવા છતાં માણસ સેવા કરી શકે છે. ઈશ્વરે માણસમાં એવી શક્તિ મૂકી છે કે તે કોઈ બહાનું ન કાઢી શકે. બાપુ આ વાત મનુબેનને સમજાવતા કહે છે.

મનુબેને તેમની પુસ્તિકામાં દર્શાવ્યું છે કે પૂ. બાપુ મને ભણાવતા હતા, છતાં યે કયારેક હું તેમને કહેતી કે આપે મને ભણવા ન દીધી. કરાંચીથી મને બોલાવી લીધી. એ સમયે મનુબેનને બીજી બહેનોની માફક ડિગ્રીનો મોહ હતો. પણ ઈશ્વરનો ઉપકાર કે બાપુએ મને આ મોહમાંથી છોડાવ્યા. મનુબેન એમ માનતા હતા કે મને બી.એ, એમ.એ. કે લંડનની મોટામાં મોટી ઉપાધિઓમાં જે પાઠો ન મળે તે પાઠો આ પરમ ગુરુએ આપી મારા જીવનને ધન્ય બનાવ્યું. જો કે આ બધું ડહાપણ તો તેમને મોડે મોડે સૂઝ્યું હતા. એ તેમને સંભળાવતા કે (તમે) મને ભણવા ન દીધી.

પણ બાપુ તેમને પ્રત્યુત્તર આપતા કે મારે તો તને ભણતાં અને ગણતાં બંને શીખવવું છે, તેનું શું? આ જવાબ સામે દલીલમાં મનુબેન કહેતા 'જુઓ મહાદેવ કાકા આટલું ભણ્યા તો જ આપના મંત્રી થઈ શક્યાને ? બીજાઓ પણ જેઓ મોટા થયા છે તે બધાએ ડિગ્રીઓ મેળવી તેથી જ ચડ્યા ને ?'

હસતાં હસતાં બાપુએ કહ્યું : 'મોટા એટલા ખોટા અને ડિગ્રી કરતાં ઉપાધિ શબ્દનું વાપર. અને 'ઉપાધિ' એ ખરેખર 'ઉપાધિ' જ (ચિંતા) છે. હું બેરિસ્ટર બન્યાં એનો પશ્ચાતાપ મને આજે થાય છે. અને ખરું કહું તો મને કદી ખ્યાલ પણ નથી આવતો કે હું બેરિસ્ટર બનેલ છું.' એટલે હવે હું મારા એ અનુભવે જ બીજાને એ ઉપાધિઓમાંથી બચાવું ! હાં, ભાષા તરીકે બધું જાણવું જોઈએ. પણ આજની યુનિવર્સિટીમાં જો ગોખણપટ્ટી થઈ રહી છે. વિદ્યાર્થીઓ પોતાના લોહીનું પાણી કરે છે, એ જ મને ખૂંચે છે. આજે આપણા દેશમાં રચનાત્મક કામની જરૂર છે. ગામડામાં કેટલુંયે કામ પડ્યું છે. વિદ્યાર્થીઓ પોતે વાંચવા પાછળ જેટલો વખત કાઢે છે એટલે જ વખત જો કોઈ પણ રચનાત્મક કામ પાછળ આપતા થઈ જાય તો દેશનો વાન બદલાઈ જાય. હા, એ વાંચન પાછળ જ્ઞાન મેળવવાની વાત હોય તો વાત જુદી છે. તો જ્ઞાનની પાછળ વાચન અને વાચનની પાછળ જ્ઞાન એ મંત્ર હોવો જોઈએ. પણ આજના વિદ્યાર્થીઓમાં પરીક્ષા પાછળ વાચન અને વાચન પાછળ પરીક્ષા એ દ્રષ્ટિ છે અને પછી ? - પછી એ જ્ઞાનનો ઉપયોગ પૈસા કમાવા પાછળ થાય. કોઈ ડૉક્ટર થાય. કોઈ વકીલ થાય તો કોઈ એન્જીનિયર થાય, અને પાસ થયા પછી નોકરીની શોધાશોધ ચાલે. અને નોકરી એટલે દળી દળીને ઢાંકળીમાં વાળવા જેવું છે. આપણા આખા ભણતર પાછળ મોટામાં મોટી નોકરી કેમ મળે તે ધ્યેય હોય છે.

ગાંધી ૧૦૦
ડો. રાજેન્દ્ર જાની

ગાંધી વધુ સમજ આપતા કહે છે આમાં અપવાદો તો હશે જ. ચાલીશ કરોડની પ્રજામાં બધા એવું કરે છે એમ કહેવાનો મારો હેતુ નથી. પણ ભણતર પાછળનો આજનો એક શાશ્વત નિયમ આ છે. અમુક અભ્યાસ કરીએ તો જ સેવા થાય એ તો બધી ભ્રમણા છે. ગમે તે સ્થિતિમાં રહેવા છતાં માણસ સેવા કરી શકે છે. ઈશ્વરે માણસમાં એવી શક્તિઓ મૂકી છે કે તે કોઈ બહાનું કાઢી ના શકે. નહીંતર માણસ જાત એવી ભયંકર છે કે ના કરવું હોય તો બહાનાં જ કાઢે. તું જોશે કે કોઈને પૈસો હશે તો કોઈનું શરીર કામ આપતું હશે. કોઈની બુદ્ધિ કામ આવી શકે છે. આ તો થોડા દાખલા આપ્યા. એટલે જે બધી શક્તિ હોય તો કૃષ્ણાર્પણ કરીએ તો આપણને પૂરા દોકડા મળે. જેની શક્તિ કરોડ આપવાની હોય અને જે અર્ધો કરોડ જ આપે તેને પચાસ દોકડા મળે પણ, પણ જેની શક્તિ પાઈ જ આપવાની છે અને તે પાઈ જ આપી દે તો તેઓ સૌએ સો દોકડા મળે.

મનુબેનને વધુ સમજાવતાં ગાંધીજી કહે છે 'વર્તન સાફ હોવું જોઈએ. સ્વાર્થબુદ્ધિ કે ડરનો માર્ય મનુષ્ય જો કંઈ કરશે તો સેવા નહીં ગણાય. જયાં ઈશ્વરાર્પણ છે ત્યાં સ્વાર્થને સ્થાન નથી. સેવા કરનાર રોજ પોતાની શક્તિમાં વધારો કરે છે. જે સવા પરાયણ રહે છે તેને હસવામાં, ખાવામાં, બોલવામાં, રમવામાં દરેક દરેક ક્રિયામાં સેવાભાવ ભર્યો હોય છે. એટલે તેના બધા કાર્યોમાં નિર્દોષતા હશે. આવા ભક્તોને ઈશ્વરે જોઈતી બધી શક્તિએ આપી હોય છે. એક શ્લોકને ટાંકતા બાપુ તેનો અર્થ સમજાવે છે અને કહે છે, ડિગ્રીઓનો ક્યાં ઉપયોગ કરવો એ હું ઠસાવવા માગું છું.'

બાપુ કહે છે 'આજે મારું ચાલે તો બધા કૉલેજિયન છોકરા છોકરીઓને આ રમમાણમાં પટકી દઉં. ખરેખર, જો આપણાં વિદ્યાર્થીઓના માનસમાંથી ડિગ્રીનો મોહ ચાલ્યો જાય તો આખી દુનિયાના નકશામાંથી હિંદુસ્તાન જે બિંદુમાત્ર છે તે સમુદ્ર જેવડું મોટું થઈ જાય.'

(સંદર્ભ : બાપુ - મારી મા, લેખક : 'મનુબેન, ગાંધી, નવજીવન પ્રકાશન, અમદાવાદ)'